# પાટડી નગરપાલિકા – પાટડી,જિ.સુરેન્દ્રનગર

## જાહેર નિવિદા

મેં.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરી, અમદાવાદ ઝોનના હુકમ ક્રમાંક RCMOAHM/0289/06/2023, તા.૨૧/૦૬/૨૦૨૩થી પાટડી નગરપાલિકાની મંજુર મહેકમ પૈકીની ખાલી જગ્યા ભરવા મંજુરી મળેલ છે. જે અન્વયે નીચે જણાવેલ જગ્યાઓ પાટડી નગરપાલિકાના ભરતીના મંજુર થયેલ નિયમોને આધીન સ્પર્ધાત્મક પરીક્ષાના મેરીટના આધારે પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારથી સીધી ભરતીથી નિમણુક કરવાની થતી હોય, અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | વિભાગનું નામ | ભરવાપાત્ર જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ | પે-સ્કેલ (સાતમાં પગાર પંચ મુજબ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | બિન અનામત (સામાન્ય) | શા.શૈ.પ. | અ.જા. | અ.જ.જાતી | આ.ન.વ. | | |
| ૧ | સામાન્ય વહીવટ શાખા | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | કોઈપણ શાખાના સ્નાતક, સી.સી.સી. પાસ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૯,૯૦૦-૬૩,૨૦૦ (L-2) |
| | | જન્મ-મરણ અને લગ્ન નોંધણી ક્લાર્ક | કોઈપણ શાખાના સ્નાતક, સી.સી.સી. પાસ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૯,૯૦૦-૬૩,૨૦૦ (L-2) |
| ૨ | હિસાબી શાખા | ઓડીટર | બી.કોમ, સી.સી.સી. પાસનું પ્રમાણપત્ર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૨૫,૫૦૦-૮૧,૧૦૦ (L-4) |
| ૩ | આરોગ્ય શાખા | મુકાદમ | ધોરણ ૭ પાસ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૫,૦૦૦-૪૭,૬૦૦ (IS-2) |
| | | સફાઈ કામદાર(સ્વીપર) | લખતા વાંચતા આવડે તે જરૂરી | ૩ | ૩ | ૧ | ૨ | ૧ | ૧૦ | ૧૪,૮૦૦-૪૭,૧૦૦ (IS-1) |
| ૪ | પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા શાખા | ક્લાર્ક | કોઈપણ શાખાના સ્નાતક, સી.સી.સી. પાસ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧૯,૯૦૦-૬૩,૨૦૦ (L-2) |
| ૫ | ટાઉન પ્લાનિંગ શાખા | ટાઉન પ્લાનર | બી.ઈ.સિવિલ, સી.સી.સી. પાસ | ૧ | ૦ | ૦ | ૦ | | ૧ | ૩૯,૯૦૦-૧,૨૬,૬૦૦ (L-7) |
| ૬ | અન્ય વિકાસલક્ષી સામુહિક સંગઠન પ્રવૃત્તિ | ક્લાર્ક | કોઈપણ શાખાના સ્નાતક, સી.સી.સી. પાસ | ૧ | ૦ | ૦ | ૦ | | ૧ | ૧૯,૯૦૦-૬૩,૨૦૦ (L-2) |

શરતો :

(૧) પાટડી નગરપાલિકાની મંજુર મહેકમ પૈકીની ઉપરોક્ત જણાવેલ ખાલી જગ્યાઓ ભરવાની ભરતી પ્રક્રિયા મેં.પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરી, અમદાવાદ ઝોનના તા.૨૧/૦૬/૨૦૨૩ના હુકમમાં જણાવેલ શરતોને આધીન રહેશે.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક ઈએસટી-૧૨૧૨/સી.ફા./૩૦/આર., તા.૦૪/૦૯/૨૦૧૨થી પસંદગી સમિતિને આરૂઢ કરેલ સત્તા અન્વયે પસંદગી સમિતિ દ્વારા હાથ ધરવામાં આવશે જે તમામ પ્રક્રિયા સંદર્ભે તમામ નિર્ણયો,સત્તાઓ પસંદગી સમિતિને સરકારશ્રીદ્વારા નિર્ધારિત કરેલ છે.

(૩) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ-૨૭૧ અન્વયે પાટડી નગરપાલિકા કર્મચારીઓની ભરતી સેવાની શરતો પ્રાદેશિક કમીશ્નરશ્રી, અમદાવાદ ઝોનના હુકમ ક્રમાંક : પ્રા.ક.ક./મહેકમ/પાટડી ન.પા./ભરતી બઢતી નિયમો/વશી.૨૧૪/૨૦૧૯, તા.૨૯/૦૭/૨૦૧૯થી મંજુર થયેલ નિયમોમાં શિક્ષણ અનુભવ સંબંધિત સામેલ રાખેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાતો અનુભવો ધ્યાને લઇ પાટડી નગરપાલિકાની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૪) ઉપરોક્ત જગ્યાઓ માટે ઈચ્છુક ઉમેદવારોએ અલગ-અલગ જગ્યાઓ માટે અલગ-અલગ અરજીઓ કરવાની રહેશે.

(૫) આ જગ્યાઓ શ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પત્ર ક્રમાંક : પવટ/૩૧૨૦૧૯/યુઓઆર ૧૧૫/રોસ્ટર સેલ તા.૦૫/૧૦/૨૦૧૯થી મંજુર થયેલ પ્રવર્તમાન રોસ્ટર/અનામત અંગેની જોગવાઈઓ ધ્યાને રાખી ભરવામાં આવશે.

(૬) નિયામકશ્રી, નગરપાલિકા, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : નપાની/યુ-૧/વશી/૪૦૩૫/૨૦૦૪. તા.૦૩/૦૮/૨૦૦૪ના પરિપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.નં.૫૭૪૬/૧૯૯૯ના માન.હાઈકોર્ટના ચુકાદાને આધીન પાટડી નગરપાલિકામાં કામ કરતા હંગામી/રોજમદાર કર્મચારીઓને લાગુ પડશે.

(૭) સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો માટે વય મર્યાદા ૧૮ થી ૩૩ વર્ષ રહેશે અને સામાન્ય વર્ગના સ્ત્રી ઉમેદવાર તથા અનામત વર્ગના ઉમેદવારો માટે વય મર્યાદા સરકારશ્રીના નીતિ નિયમ મુજબ રહેશે. પરંતુ આવા ઉમેદવારોએ અ.જા./અનુ.જ.જા./શા.શૈ.પ./આ.ન.વ. જાતિએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અરજી સાથે સામેલ રાખવાનું રહેશે.

(૮) જાહેરાત પ્રસિદ્ધ થયેલ તારીખના રોજની સ્થિતિએ વય મર્યાદા ગણવાની રહેશે તથા જાહેરાત પ્રસિદ્ધિની તારીખની સ્થિતિએ જણાવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે.

(૯) ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી તા.૦૩/૦૮/૨૦૨૩ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ચીફ ઓફિસરશ્રી, પાટડી નગરપાલિકા, પાટડી, તા.દસાડા-૩૮૨૭૬૫, જી.સુરેન્દ્રનગર ખાતે ફક્ત રજી.પોસ્ટ એ.ડી. દ્વારા જ મોકલી આપવાની રહેશે.

(૧૦) અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો ૦૧ કોપી, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે, અનામત વર્ગના ઉમેદવારે જ્ઞાતિ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૧) ઉપરોક્ત જગ્યાઓપૈકી ક્રમ નં.૧,૨,૪,૫ તથા ૬ માટે અરજી સાથે બિન-અનામત વર્ગના ઉમેદવારે રૂ.૫૦૦.૦૦નો તથા શા.શૈ.પ. વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારે રૂ.૨૫૦.૦૦નો ચીફ ઓફિસર, પાટડી નગરપાલિકાના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે તથા ઉપરોક્ત જગ્યાઓપૈકી ક્રમ નં.૩ માટે અરજી સાથે બિન-અનામત વર્ગના ઉમેદવારે રૂ.૨૦૦.૦૦નો તથા શા.શૈ.પ. વર્ગ તથા આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારે રૂ.૧૦૦.૦૦નો ચીફ ઓફિસર, પાટડી નગરપાલિકાના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે.

(૧૨) ઉપરોક્ત જગ્યાઓ પૈકી ક્રમ નં.૧,૨,૪,૫ તથા ૬ ની ભરતી લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાના મેરીટ મુજબ કરવામાં આવશે જેમાં ઉમેદવારોએ લેખિત પરીક્ષામાં સ્વ-ખર્ચે હાજર રહેવાનું રહેશે તથા ક્રમ નં.૩ની ભરતી મૌખિક ઈન્ટરવ્યુંના આધારે(સરકારશ્રીના નિયમોની જોગવાઈ અનુસાર) કરવામાં આવશે. તથા ઉપરોક્ત જગ્યાઓ પૈકી ક્રમ નં.૩ વાળા ઉમેદવારોએ નગરપાલિકા જણાવે તે તારીખ તથા સમયે જન્મનું પ્રમાણપત્ર અથવા ઉમરનો પુરાવો, શૈક્ષણિક લાયકાત, જાતિના અસલ પ્રમાણપત્રો સાથે ઈન્ટરવ્યુંમાં સ્વ-ખર્ચે હાજર થવાનું રહેશે.

(૧૩) અધુરી વિગતો વાળી, શૈક્ષણિક પ્રમાણપત્ર સામેલ કર્યા સિવાયની કે અસ્પષ્ટ અરજીઓ માન્ય રાખવામાં આવશે નહિ.

(૧૪) ઉમેદવારે અરજીના બંધ કવર ઉપર કઈ જગ્યા માટે અરજી કરેલ છે તેની વિગત સ્પષ્ટ પણે દર્શાવવાની રહેશે.

(૧૫) આ જાહેર નિવિદામાં તથા સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર કોઈપણ શરતોમાં ફેરફાર અથવા કોઈપણ તબક્કે ફેરફાર કરવાની કે રદ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય તો તેમ કરવાનો અબાધિત હક પાટડી નગરપાલિકાનો રહેશે.

(૧૬) ઉપરોક્ત જગ્યાઓ પૈકી ક્રમ નં.૧,૨,૪,૫ તથા ૬ની ભરતી અંગે માન્ય થયેલ અરજી પત્રકના ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષાનો અભ્યાસક્રમ, લેખિત પરીક્ષાની તારીખ, વગેરે જરૂરી વિગતો પાટડી નગરપાલિકા દ્વારા અલગથી જાણ કરવામાં આવશે.

(૧૭) અરજી પત્રકનો નમુનો પાટડી નગરપાલિકાના નોટીસ બોર્ડ તથા નગરપાલિકાની વેબસાઈટ www.patdimunicipality.org પરથી મેળવી લેવાનો રહેશે.

(૧૮) અરજી મેળવવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભરતી પ્રક્રિયા સંબંધિત જરૂરી સૂચનાઓ જરૂર જણાયે પાટડી નગરપાલિકાના નોટીસ બોર્ડ તથા નગરપાલિકાની વેબસાઈટ www.patdimunicipality.org પર મુકવામાં આવશે.

(૧૯) ખોટા આધાર-પુરાવા/પ્રમાણપત્રો રજુ કરનારની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.વધુ માહિતી માટે પાટડી નગરપાલિકા કચેરીના ફોન નં.(૦૨૭૫૭) ૨૨૮૫૧૬ પર સંપર્ક કરી શકાશે.

સ્થળ : પાટડી, તા.૦૧/૦૭/૨૦૨૩.

| | | | |
|---|---|---|---|
| મોસમ જી. પટેલ | શ્વેતાબેન પ્રતિકકુમાર ઠક્કર | ચેતનભાઈ કે. શેઠ | મૌલેશ ડી. પરીખ |
| સભ્ય સચિવ પસંદગી સમિતિ અને | અધ્યક્ષ પસંદગી સમિતિ | કારોબારી ચેરમેન | પ્રમુખ |
| ચીફ ઓફિસર પાટડી નગરપાલિકા | પાટડી નગરપાલિકા | પાટડી નગરપાલિકા | પાટડી નગરપાલિકા |